ગાંધીનગર સમાચાર





## સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*ઠરાવો ભડાકે ઢીમ ઢળે એની રાહ તો જુઓ!*
*લોક-હૃદયનો લાવા હિમ થાય, રાહ તો જુઓ!*
*એટલી રાહ તો જુઓ કે દયા ખાય વિશ્વ આખુંય -*
*માય કાંગલી હિંમત 'ભીખ' થાય, રાહ તો જુઓ!!*
*(ભારત મોટું પગલું ભરશે - ટ્રમ્પભાઈ)*

### હાઈકુ

*પડ્યો પડઘો*
*લોકોની લાગણીનો -*
*અભિનંદન...*

*માનતાં નથી*
*વાતોને સંવાદથી -*
*લાતોનાં ભૂત...*

## ચિંતન

**સ ન પવસ્ય શં ગઘ શં જનાય શમર્વતે ।**
**શ રાજન્નોષધીમ્યઃ ॥**

**ઉપરોક્ત શ્લોક સામવેદમાંથી લેવામાં આવેલ છે.**

**મનુષ્યના જીવનમાં આપત્તિઓ, મુશ્કેલીઓ, વિપરીત પરિસ્થિતિઓ અને મુસીબતની પળો આવતી જ રહે છે. સુખ-દુખ જીવન રથના બે પૈડા છે. એનાથી કદીય ડરવું જોઈએ નહીં. મુશ્કેલીઓ મનુષ્યને સંઘર્ષ કરવાની શક્તિ આપે છે. અને તેની ઉન્નતિ તથા આત્મિક વિકાસમાં મદદરૂપ થાય છે.**

**પરમાત્માએ આપણને દરેક સુખ સગવડો પૂરી પાડી છે, પરંતુ આપણી આજુબાજુ એવા અનેક માણસો છે કે જેઓ દીન-દુઃખી છે, રોગી છે, પતિત છે, આપણે આપણી પ્રતિભા અને ક્ષમતાનો તેમને મદદ કરવામાં ઉપયોગ કરવો જોઈએ. આપત્તિ જ પ્રેમની કસોટી છે. નિરભિમાન થઈને લોકોની સેવા કરવાનો ઉલ્લેખ મનમાં ઉત્પન્ન થાય ત્યારે જ આપણો પ્રેમ સાચો છે.**

## સુવિચાર

- યે દુનિયા હૈ જનાબ, દિખાતી શહદ હૈ...લેકિન પિલાતી ઝહર હૈ - **અબ્દુલ શાગિર્દ**
- આ ક્ષણો હાથથી નીકળી જાય છે, હાથમાં કેટલું ચીતરી જાય છે,
  રોજ બેસે બધા ભાર લઈને અહીં, જિંદગી એટલે હાંફતી જાય છે - **પારસ હેમાણી**
- તમારી સમજ, તમારી આવડત, તમારી હોંશિયારી, અને તમારી ક્ષમતા બીજાને જો થોડીકેય કામ લાગે તો માનવું કે ખરા અર્થમાં સંવેદનાને જીવો છો - **ક્રિશ્નકાંત ઉનડકટ**
- ટોચ ઉપર એકલા હોઈએ અને છેક તળેટી સુધી કોઈ નજરે ન પડે તો એ સફળતા વાંઝણી છે - **દિવ્ય ભાસ્કર**
- શ્રદ્ધા બુદ્ધિયુક્ત હોવી જોઈએ, અને બુદ્ધિ શ્રદ્ધાયુક્ત હોવી જોઈએ - **ધર્મલોક**
- ઉત્તમ જીવનની એક પારાશીશી એ છે કે વ્યક્તિની વિદાય પછી પણ જગત એને યાદ કરતું રહે - **આચાર્ય વિજયરાજરત્નસૂરિ**
- આજનું ઔષધ : અડધી ચમચી મધ સાથે અડધી ચમચી દાડમની છાલનું ચૂર્ણ આપવાથી બાળકોને ખાંસીમાં રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

મુલ્લા નસરુદ્દીન ને પીઠમાં સખત દુઃખાવો થયો. ચિકિત્સા કરાવવા તેઓ નિષ્ણાત ડૉકટર પાસે ગયા. જેથી તકલીફ શું છે તે ખબર પડે. ડૉકટરે કહ્યું, 'દુઃખાવો મટશે પણ એક ઓપરેશન કરવું પડશે. અને બે અઠવાડિયા હોસ્પિટલમાં અને બે અઠવાડિયા ઘરે પથારીવશ રહેવું પડશે.' મુલ્લા નસરૂદ્દીન બોલ્યા, 'ડોકટર સાહેબ. મને આ બધાનો ખર્ચ પોષાય તેમ નથી. બીજો કોઈ સસ્તો ઉપાય સૂઝાડો.' ડૉકટરે કહ્યું, ભળે જનાબ, હું એક હજાર રૂપિયામાં તમારા એક્સ-રેમાં ફેરફાર કરી દઈશ.' મોટા ભાગના આવું કરી રહ્યા છે. સસ્તો ઉપાય એટલે એક્સ-રેમાં ફેરફાર. પણ એનાથી કંઈ સાજા ન થવાય. આપણે પણ આવું કરી રહ્યા છીએ. સતત એક્સ-રેમાં ફેરફાર કરીએ છીએ અને વિચારીએ છીએ કે કોઈ ચમત્કાર થશે. જયારે તમે અહમ્ ભાવે ને શણગારો છો ત્યારે ત્યારે તમે એક્સ-રેમાં ફેરફારો કરો છો, એ કોઈ રીતે મદદરુપ થવાનું નથી. એ સસ્તું છે, વાઢ-કાપની જરૂર નથી, કોઈ મોટો ખર્ચ પણ નથી પણ તેનો અર્થ શું ?? તમારો દુઃખાવો તો રહેશે જ.

# વાયુસેનાના જવાનોને સો-સો સલામ

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય વાયુસેનાએ ૨૬મીની વહેલી સવારે ૩.૩૦ કલાકે ૧૨ મિરાઝ-૨૦૦૦ દ્વારા પાકિસ્તાની સરહદમાં ઘુસીને આતંકવાદીઓના ૫ કેમ્પ ઉપર ૧૦૦૦ કિલો બોમ્બ ઝીંકી ભારતના શૌર્યની પ્રતીતિ કરાવી છે. ૧૯૭૧ બાદ પહેલી વખત બારતે પાકિસ્તાનની સરહદમાં ઘુસીને હુમલો કર્યો હોય તેવી પ્રથમ અને ઐતિહાસિક ઘટના છે. ૧૪મી ફેબ્રુઆરીએ પુલવામામાં જૈસ -એ - મહંમદના આત્મઘાતી હુમલામાં ૪૦ જવાનો શહિદ થયા હતા. એનો બદલો લેવા માટે દેશભરમાં જબારદસ્ત માંગ ઊઠી હતી. અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેરમાં દેશવાસીઓને વિશ્વાસ આપ્યો હતો કે, આંસુના એક-એક ટીપાનો હિસાબ લેવાશે. આજે એ શબ્દો સાકાર થતાં સમગ્ર દેશ નાચી ઊઠ્યો છે. વીર જવાનોની શૌર્યતા અને મોદી સરકારની રાજકીય ઈચ્છાશક્તિને સો - સો સલામ છે.

દેશમાં છેલ્લા બે દાયકાથી આતંકવાદી પ્રવૃત્તિઓથી જનજીવન ભયના ઓથાર નીચે જીવતું હતું. સંસદ પરનો હુમલો હોય કે અક્ષરધામ પરનો હુમલો હોય, તાજ હોટલ પરનો હુમલો હોય કે હૈદરાબાદના વિસ્ફોટો હોય આતંકવાદની જાત વિસ્તારતી જતી હતી. જેનો જવાબ આપવાનું અનિવાર્ય બની ગયું હતું. દેશના આંતરિક અને બાહ્ય સુરક્ષા માટે ભારતીય વાયુસેનાના જવાનોએ કરેલા મહાપરાક્રમનો દેશ અંતરના ઉમળકાથી વધાવે છે.

ભારત શૂરવીરો અને સંતોની ભૂમિ છે. રાણા પ્રતાપ અને ઝાંસીની રાણીની ભૂમિ છે. વીરતા અને પરાક્રમકતા આ દેશના સંસ્કાર છે. વર્ષોથી આ દેશના સત્તાવાહકોએ વગાડી - વગાડીને કહ્યું છે કે, અમે કોઈને હેરાન-પરેશાન કરવા માંગતા નથી પરંતુ અમને કોઈ હેરાન પરેશાન કરશે તો એમને છોડતા પણ નથી. ભારત હંમેશા શાંતિપ્રિય રહ્યો છે. પરંતુ શાંતિનો અર્થ સ્વાભિમાનનો ભોગે નહિ. સ્વાભિમાન માટે ભારત હંમેશા લડ્યું છે ને લડતું રહેશે. ભૂતકાળમાં પણ એ ચીન હોય કે પાકિસ્તાન. ભારતે જડબાતોડ જવાબ આપ્ય છે. આ વખતે પણ ભારતના જડબાતોડ જવાબથી દેશવાસીઓને સલામતીનો અહેસાસ થઈ રહ્યો છે. ભારતના વીર જવાનોની પીઠ જેટલી થાબડીએ એટલી ઓછી છે. મા ભોમની રક્ષા કાજે જીવ સટોસટની બાજી લડતા જલ-થલ અને વાયુસેનાના વીર જવાનો આપણું ગૌરવ છે. આપણો ગર્વ છે અને એટલે જ આપણે અંતરના ઊંડાણમાંથી તેમનો જય જયકાર કરીએ છીએ. જય કિસાન - જય જવાન.

# ચોર-પોલીસની ભાગબટાઈ

નવાં કલેવર
નટવર હેડાઉ



સવારનો સમય, સૌ કોઈને ઉતાવળ. ઑફિસ, નોકરી ધંધા માટે જવા માટે ભાગતાં લોકો, ભાગતાં વાહનો બસ, કાર,સ્કૂટર, બાઈકો અને રીક્ષાઓ. ધમધમાટ અને રઘવાટ.

રસ્તા પર ભીડ જ ભીડ. જાણે લોકો એકબીજાથી આગળ નીકળવાની હોડમાં હોય તેવો માહોલ હતો.

તેમાં રસ્તાની એક તરફ લોકોનું ટોળું જોવા મળ્યું. કદાચ કોઈ અકસ્માત... કે પછી... બીજો કોઈ બનાવ. લોકોનું ટોળું વધતું જતું હતું. શું થયું છે ? કેમ બધા ટોળે વળ્યાં છે તેની સૌની આંખમાં ઉત્સુકતા હતી. થોડે દૂર પોલીસની વાન ઊભી હતી. તે જાણે કંઈ જ બન્યું નથી તેમ આગળ વધી ગઈ.

લોકો રસ્તાની એક તરફ ટોળે વળેલા હતા. એક માણસ ખૂબ રડી રહ્યો હતો. પોલીસવાળો એક છોકરાને ગાળો બોલતો મારી રહ્યો હતો.

'સાલ્લા, નીચ, હલકટ વેંત જેવડો છે ને ખિસ્સામાં કાપે છે. કાઢ પૈસા...'

'મારી પાસે નથી.' અવળા હાથે મોંથી બહાર આવેલ ફીણ અને લોહીને લૂંછતો છોકરો બોલ્યો.

'તપાસ કરો તપાસ' ભીડમાંથી કોઈ બોલ્યું. થપ્પડ - ઢીકા ધબ્બા અને લાત સાથે તપાસ થઈ પણ કંઈ જ નીકળ્યું નહીં. પેલો માણસ માથું કુટી કુટીને વધુ જોર જોરથી રડવા લાગ્યો.

'હાય, આનું નખ્ખોદ જાય આણે જ પૈસા કાઢી લીધો છે. હવે મારી મહેરુનીશા મરી જવાની, દવા-સારવાર માટે પૈસા કયાંથી લાવીશ ?'

ટોળામાં સૌ કોઈ અચરજથી જોતાં હતાં. તેવામાં એક જણે અભિપ્રાય આપ્યો. 'અરે, જોઈશું રહ્યા છો. બધા બબ્બે ચાર ચાર રૂપિયા નાંખો. બિચારા ગરીબનું ભલું થશે. પુણ્યનું કામ થશે. અને જમાદાર સામે અત્યારે જ પોલીસ થાણે લી જઈને લોકઅપમાં પુરી દો.'

લોકો પોતાના ખિસ્સાં ફંફોસવા લાગ્યા. જેના હાથમાં જેટલા આપ્યા તે પરચુરણ, નોટ વિગેરે પેલા માણસની સામે ફેંકવા લાગ્યા.

આપણે ઘણી વખત જોઈએ છીએ કે ડાયરાના કલાકારો પર ખુશ થઈ લોકો નોટોનો વરસાદ વરસાવતા હોય છે. એ જ રીતે વગર ચોમાસે માવઠાની જેમ પરચુરણ ટપ...ટપ... પડવા લાગ્યું. થોડી જ વારમાં ઘણું બધું પરચુરણ એકઠું થઈ ગયું. તેણે પરચુરણ ભેગું કરી લઈ સૌને દુઆ દીધી.

પોલીસ છોકરાને ધમકાવતો થાણે લઈ જવા લાગ્યો.

ટોળું થોડે સુધી તેની સાથે અને પાછળ પાછળ ચાલ્યું પછી લોકો એક એક થઈ સૌ વિખરાયા અને પોતપોતાની રસ્તે જતા રહ્યા.

થોડીવાર બાદ એક સૂનકાર ગલીમાં પોલીસ, પેલો છોકરો અને જે રડી રહ્યો હતો તે માણસ મળીને પૈસાના ભાગ પાડતા હતા.

# તથાગત બુધ્ધની જીવનદર્શી સલાહ : સંબંધોની અનુભવની કસોટીએ ચકાસણી

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk



**(ગતાંકથી ચાલુ)**

એક સરકારી અધિકારીની સરકારી નિયમ અનુસાર દર ત્રણ-ચાર વર્ષ બદલી થતી રહેતી. એક વાર તેની બદલી એક મધ્યમ કક્ષાના શહેરમાં થઈ. શહેરની મધ્યમાં એક સોસાયટીમાં એ અધિકારીએ એક મકાન ભાડે રાખ્યું. તેના પાડોશમાં એક શિક્ષક પોતાના કુટુંબ રહેતા હતા. એ શિક્ષક એ જ શહેરના જ વતની હતા. એ શિક્ષક કેટલીક જાહેર સંસ્થાઓ અને જાહેર પ્રવૃતિઓ સાથે સાથે જોડાયેલા હતા એટલે સમગ્ર શહેરમાં તેમનું નામ જાણીતું હતું. અધિકારીના સહકર્મચારીઓ અને મિત્રોને જ્યારે ખબર પડી કે એ અધિકારી પેલા શિક્ષકની બાજુમાં રહે છે ત્યારે આશ્ચર્ય પામીને કહેતા; 'ઓહ, પેલા શિક્ષકની બાજુમાં!'' પછી તરત જ એ લોકો ચેતવણીના સૂરમાં સલાહ આપતા કે ભાઈ, એ પાડોશીથી થોડું સંભાળજો. તેનાથી થોડું અંતર રાખજો નહિતર ભવિષ્યમાં પસ્તાવાનો વારો આવશે. આવું કહીને લોકો એ શિક્ષક વિષેના, તેના કુટુંબ વિષેના, એ શિક્ષકના સ્વાર્થી વર્તન વિષેના, તેના તુંડમિજાજ વિષેના, નજીવી વાતે સંબંધો બગડી નાખે એવા સ્વભાવ વિષેના પોતે સાંભળેલા કેટલાક ખરાબ અનુભવોના કિસ્સાઓ સંભળાવતા.

પોતાના પાડોશી શિક્ષક અને તેના કુટુંબ વિષેની આ પ્રકારની વાતો સાંભળીને શરૂઆતમાં અધિકારીને આશ્ચર્ય થતું. બધાની વાત ઉપર વિશ્વાસ પણ બેસતો અને તેથી એ કુટુંબ સાથે સંબંધો વિકસાવવામાં ખૂબ જ સાવચેતી પણ રાખતા. બીજી તરફ એ અધિકારીને કે તેના કુટુંબીજનોને એ શિક્ષક કે તેના કુટુંબીજનોના સ્વભાવ, વર્તન કે વ્યવહારમાં ક્યાય સ્વાર્થ, તુંડમિજાજ કે ખરાબ વર્તનનો ક્યારેય અનુભવ ના થયો, પણ તેનાથી ઊલટું અધિકારીના કુટુંબ અને પેલા શિક્ષકના કુટુંબ વચ્ચે જાણે-અજાણે, ધીમે ધીમે સંબંધો વિકસતા ગયા અને થોડા જ સમયમાં એ બંને કુટુંબના સંબધો ઘનિષ્ઠ બની ગયા. એ અધિકારી ચારેક વર્ષ એ શિક્ષકના પાડોશી તરીકે રહ્યા પણ તેને કે તેના કુટુંબને ક્યારેય એક પણ ખરાબ અનુભવ ના થયો, બલ્કે બંને કુટુંબો વચ્ચે જીવનભરના તેઓના સંબધો બંધાઈ ગયા.

આપણાં સંબધો વિષે આપણને ધણા લોકો પાસેથી કાનોકાન માહિતીઓ મળતી રહેતી હોય છે, ક્યારેય સાચી, ક્યારેક ખોટી, ક્યારેક ઉપરછલ્લી, ક્યારેક સચોટ, ક્યારેક ઉશ્કેરણીજનક તો ક્યારેક કાનભંભેરણી રૂપે. આ પ્રકારે આપણાં સબંધો વિષે મળેલી માહિતી અને વાતોમાં આવી જઈને આપણે ધણીવાર આપણાં સંબધોની દિશા અને દશા નક્કી કરતાં હોઈએ છીએ. એવું કહેવાય છે કે માનવીય સંબધોમાં વ્યકિતની પહેલા તેના વિષેની માહિતીરૂપે પડછાયો પહોચી જતી હોય છે. આપણને મળતી માહિતીમાં માહિતી આપનારી વ્યકિતઓના પોતાના અભિપ્રાયો, પોતાના પૂર્વગ્રહો પણ ઉમેરતા હોય છે, તેને કારણે સંબંધીઓ વિષેની સાચી માહિતી કદાચ આપણાં સુધી પહોચી શકતી નથી.

આપણાં સુધી પહોંચતી માહિતીમાં આપણાં પૂર્વગ્રહો, આપણી માન્યતાઓ આપણું શાણપણ, આપણું ડહાપણ, આપણાં તર્ક ઉમેરાય છે અને તેના આધારે અર્થઘટનો થતાં રહે છે. કેટલાક સંબધો વિષેની કેટલીક પરંપરાગત રૂઢિઓ તેમાં ઉમેરાય છે. દાખલા તરીકે સાસુ અમુક પ્રકારની જ હોય, વહુની સાથે અમુક પ્રકારના જ વ્યવહારો થાય, જમાઈને વેવાઈઓને અમુક રીતે જ સાચવવા પડે કે મહેમાનગતિ કરવી પડે. આ બધી જ રૂઢીઓ, પરંપરાઓને કારણે થતાં વ્યવહારોમાં પણ કદાચ આપતા સંબધોને સાચી દિશા આપી શકાતી નથી.

સંબધો સાપેક્ષ છે. સમય, સંજોગો, પરિસ્થિતી, સામેની વ્યકિતનો વ્યવહાર અને વર્તનના આધારે વ્યક્તિ પોતાનું વર્તન કરતી હોય છે. એ વ્યકિત સાથે કોઈને કદાચ સારો અનુભવ ના થયો હોય તો એવું નિશ્ચિત નથી કે બધી જ વ્યકિતઓને એ વ્યકિત સાથે સારો અનુભવ ના થાય. આપણી સંબધિત વ્યકિતના વ્યવહાર અને વર્તનનો મોટાભાગનો આધાર આપણાં વ્યવહાર અને વર્તન ઉપર હોય છે. એવું કહે છે કે 'આપણે સારા તો જગ સારું'. આપણને બીજાના જે કઈ ગુણ-અવગુણ કે દોષ દેખાતા હોય એ ગુણ-અવગુણ કે દોષ કદાચ આપણી અંદર હોય તો જ તે દેખાતા હોય.

કોઈ જ વ્યકિત ક્યારેય ખરાબ હોતી જ નથી. એ સિધ્ધાંતને લઈને જો આપણે સંબધીઓ વિષે મળેલી માહિતીને ચકાસીએ તો કદાચ આપણાં કોઈ જ સંબધોમાં ક્યારેય કોઈ જ પ્રકારની ખામીઓ શોધી શકીએ નહીં.

સંબધોને ચકાસવા માટે, અનુભવ કરવા માટે પણ થોડી ધીરજ જોઈએ, થોડો સમય આપવો પડે, સંબંધો થોડા આગળ વધારવા પડે અને વિકસાવવા પણ પડે. સંબધને બાંધ્યા અને વિકસાવ્યા વિના જ આપણને મળેલી માહિતીના આધારે એ સંબધી વિષે અનુમાનો બાંધી લઈએ અને એ જ પ્રમાણે વર્તન અને વ્યવહાર કરીએ તો કદાચ એ વ્યકિતને આપણે મોટો અન્યાય કરી બેસીએ.

આપણાં સંબંધોમાં પણ ભગવાન બુધ્ધની ફિલસૂફી લાગુ પડી શકે છે. વિવિધ પ્રકારના કેટલાયે સ્ત્રોત દ્વારા આપણાં સંબંધીઓ વિષે આપણને તેઓના સ્વભાવ, વર્તન અને વ્યવહાર વિષે વિવિધ પ્રકારની સાચી-ખોટી માહિતી મળતી જ રહેતી હોય છે. એ માહિતી ગમે એટલી સચોટ હોય. આધારભૂત હોય છતાં જ્યાં સુધી તેનો આપણને ખુદને અનુભવ ના થાય, સ્વાનુભૂતિ ના થાય, આપણાં પોતાના અનુભવના આધારે એ સંબંધોની ચકાસણી ના થાય ત્યાં સુધી તેનો એ માહિતીનો આધાર ના રાખી શકીએ. વિવિધ સ્ત્રોત દ્વારા મળેલી માહિતીને આધાર તરીકે રાખીને જ આપણાં સંબંધોમાં જો વ્યવહાર કરીએ તો આપણે કદાચ ખોટા સાબિત થઈ શકીએ છીએ અને તેને કારણે ક્યારેક સારા અને સાચા સંબંધોને ગુમાવવાનો વખત પણ આવી શકે છે.

# શહેરીકરણમાં હોટેલો અને હોસ્પિટલની બોલબાલા!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com



આધુનિક યુગમાં જીવન હકીકતમાં જીવવાનો આનંદ પ્રાપ્ત થાય તેવું બની રહ્યું છે કારણ કે સુવિધાઓ, સાધનો, માર્ગો, વિકલ્પો, સવલતો સતત્ વધતા જ જાય છે અને તેમ છતાં લોકોમાં આનંદ વધતો નથી અથવા લોકો મનથી દિલથી વધુ હતાશ - નિરાશ થઈ જીવી રહ્યા હોય તેવું જોવા મળે છે. જે કંઈ શોધ થઈ રહી છે તેના પાયામાં ઉમદા પરિણામને ધ્યાને રાખવામાં આવે છે. ડિજિટલ દુનિયામાં અતિ ઝડપ છે સ્પર્ધા છે સાથે નવા ઉપકરણો જાણે કોઈ ચમત્કાર થયો હોય તેવા પરિણામો દર્શાવે છે. વિશ્વ બદલાય ગયું છે જ! ગઈકાલની વાત સાવ અસ્થાને લાગી રહી છે. નવી પેઢી ને મન કોઈ તુલનાત્મક દૃશ્ય જ નથી માટે જે કંઈ મળી રહ્યું છે તેને ઉત્તમ જ ગણી સ્વીકારી લે છે જો કે હવે જૂની પેઢીના લોકો જ સમાપ્ત થવાની અણી ઉપર છે. આજના વડીલો વધુ તુલનાત્મક થવાની અણી ઉપર છે. આજના વડીલો વધુ તુલનાત્મક દૃષ્ટિ એ મૂલવી ને જીવે છે - એટલે જ વધુ સમસ્યા છે જે વ્યાપક છે. સરકારો બદલાયા કરે એ કંઈ નવું નથી પરંતુ જીવનમાં આવતા બદલાવને જે સાકાર કરે, કંઈક જોમ - જોશ આપે તે પ્રકારના બધા જ આયોજનને આવકાર હોય છે જેને આપણે વિકાસ કહેતા હોઈએ છીએ. વિકસવું એ સહજ અને કુદરતી ક્રમ ગણાય છે તેમાં માનવીય અભિગમ તથા આયોજન ઉમેરાય એટલે સુંદર રીતે અમલી બનાવી શકાય તેવી યોજનાઓ બને છે!! અમલીકરણ યોજનાનું ચુસ્ત, પ્રભાવી અને મજબુત તો પછી જનહિતની ખાત્રી મળી જાય છે, જો વિપરીત સ્થિતિ ઊભી થાય તો માત્ર નાણાંની બદબાદી થઈ ગણાય. આજના યુગમાં રોજગારીના વિકલ્પો કે તક માટે લોકો શહેરો તરફ દોડતાં જ રહ્યા છે એટલે શહેરીકરણ વધતા પ્રશ્નો ઊભા થતા જાય છે ! આવાસ,પીવાનું પાણી, આરોગ્ય વગેરેમાં પ્રવર્તમાન માળખું નાનું સાબિત થાય છે માટે વધુ વ્યવસ્થાપન ફરજીયાત થયું છે. હવે શહેરોમાં પણ સરકાર નવા આવાસો બનાવી રહે છે. પોસાય તેવી કિંમતે આ પ્રકારના આવાસો બની રહ્યા છે એ ખુબ જ સારી બાબત છે. શહેરોના વિકાસને જો મૂલવવામાં આવે તો ખ્યાલ આવશે કે સર્વત્ર બે બાબતો જ વધતી જાય છે એક હોટેલ્સ અને બીજું હોસ્પિટલ્સ ! બંનેની જરૂરિયાતો પણ ઘણી છે. છતાં આ તકે થોડા ચિંતન કરવાના મુદ્દાઓ વિચારવા ખૂબ આવશ્યક છે. જેમ ફાવે તેમ ખાણી-પીણીની જગ્યાઓ ઊભી થતી જાય છે. પરંતુ તેમાં આરોગ્યના પ્રશ્ને કડકાઈ નથી. દરોડા પડે અને થોડા જ સમયમાં સમય તેનું સરળીકરણ કરી આપે છે. લોકોની જાગૃતિનો અભાવ મુખ્યત્વે જોવા મળે છે. ગંદો માલ, અસ્વચ્છ સ્થળ, સાફસફાઈની કમી છતા લોકો ત્યાં જાય છે. ભેળસેળ તો બધામાં હદ વટાવી ગઈ છે અને ભાવિ ભારત કેન્સરના ભરડામાં આવી જશે તેવી વાત તાજેતરના વૈશ્વિક અહેવાલમાં વ્યક્ત થઈ છે. દૂધ જેવી અમૃતધારાને ખુબ વિકૃત કરી છે, શાકભાજીમાં દવાઓ પ્રદૂષિત પાણીનો ઉપયોગ વગેરેથી જાય છે. ખાવ-પીવોને બિમાર પડો તો સામે જ હોસ્પિટલ છે ત્યાં પહોંચી જાઓ !! જાણે કે એક સિક્કાની બે બાજુઓ સાથે ચાલે છે. દવાખાનાઓ વધતા જાય છે ત્યાં કોઈ સર્વ સામાન્ય આચાર સંહિતા નથી. બિમાર થવું એ અપરાધથી પણ વિશેષ પીડાકારક છે કારણ કે બધામાં પ્રક્રિયાઓ વધી જ ગઈ છે. ચાર્જિસ બધાના જુદા જુદા છે ઉપરાંત મેડી કલેઈમ્સ આધારિત નિર્ણયો પણ લેવાઈ રહ્યા છે !! આયુષમાન સહિત સરકારની ઘણી યોજનાઓ રજૂ થઈ છે હવે મોટા ભાગની પ્રજાને આ અંગે દોરવણી માર્ગદર્શન મદદ આપે તેવું કોઈ નથી એટલે ઉમદા યોજનાઓનો લાભ માત્ર ગણ્યા ગાંઠ્યા લોકો જ લઈ રહ્યા છે. દવાખાને પગ મૂકો એટલે પ્રથમ પ્રશ્ન પૂછવામાં આવે કે ભાઈ તમારો મેડી કેઈલમ છે ? પછી આગાળની વાત થાય. વીમા કંપનીઝ છે તેઓ એ બધી પ્રક્રિયા ડિજિટલ કરી છે એટલે દર્દીઓ કે સગાવહાલાં ગૂંચવાઈ જાય છે. કેશલેસ કરવું કે પછીથી બિલ ચૂકવું એ બધા પ્રશ્નોથી અંતે હોસ્પિટલો ફાવી જાય છે.

ત્રીજી બાબત એ છે કે હોસ્પિટલોમાં સેવાના તત્ત્વ કરતા આવકના તત્ત્વને વધુ મહત્તા આપવામાં આવી રહી છે જે અંતે દર્દી વર્તા તેના પરિવારને જીવતી લાશ જેવા બનાવી દે છે. નીતિ નિયમો ઉપર બિમાર અવસ્થામાં કોણ દલીલમાં ઉતરે ? ચોથી બાબત કે સલામતીની ચિંતા કોણ કરતું હશે એ ખબર પડતી નથી. દવાખાનાની આંતરિક બાબતોમાં પ્રજાને કશો રસ ના હોય એ સહજ છે છતાં આ અંગે સત્તાધીશો ધ્યાન રાખતા હશે તેવું માની લેવામાં આવે છે. સરકારી દવાખાનાઓમાં બધું જ હોવા છતાં પ્રજા પામર હોવાનો અહેસાસ કરે છે સમયસર જો ઈલાજ ના થાય તો હેતુ જ મરે સાથે સાથે સાથે દર્દી પણ વિદાય લે છે. એક સર્વ સામાન્ય હોસ્પિટલોમાં ગ્રેડિંગ બાદ સેવાકીય માળખું પ્રજા પાસે હોવું જોઈએ કે જેની ખબર પડે કે ખર્ચ કેટલો થશે ? ડૉકટર્સ વાસ્તવમાં બિમારી વખતે ઈશ્વરનાં પ્રતિનિધિ જેવા હોય છે. જે નવ જીવન આપવા સદાય તત્પર હોય છે પણ પરિવાર પૂર્ણતઃ આર્થિક કંગાળના થાય તે માટેની કાળજી કોણ રાખશે ? સ્વચ્છ ભારતની ઝૂંબેશ માટે સો સો સલામ છે પણ ગંદકી પ્રજાના લોહીમાં ભ્રષ્ટાચારની જેમ ભળી ગઈ છે જે સુધરતા હજી સમય લાગશે. પ્રજા શહેર રહે તો રોટલો મળી રહે પણ બિમાર થશે કોઈ જ નક્કર મદદ મળતી નથી. યોજનાઓનો પ્રચાર - પ્રસાર થવો મહત્ત્વનો છે. બિમાર ભાતને સ્વસ્થ કરવા હજી વધુ પગલાઓ લેવા માટે અપીલ છે.

**શેર આસ્વાદ :**
**યે કશ્મકશ હૈ**
**કિ જિંદગી કૈસે બસર કરે**
**પૈરો કો મોડ કર સોયે**
**યા ચાદર બડી કરે...!!**

થોટ
નટવર આહલપરા



## દયા

દયા ડાકણને ખાય એવી દયાની શું કામના ? જો કે દાન કરતા દયાનું મહત્ત્વ વધુ છે અને એટલે તો વિશ્વમાં અસંખ્ય જીવદયા સંસ્થા અને જીવદયા પ્રેમીઓ કાર્યરત છે.

ચાણક્યના મત પ્રણામે દયા જ ધર્મનું મૂળ છે. જેનું હૃદય જીવદયાથી પીગળી જાય છે તેને જ્ઞાન, મોક્ષ મેળવવાની અને જરા ધારણ તેમ જ શરીર પર ભસ્મ લગાવવાની શી જરૂર છે ?

દયાભાવ બધાં જ ધર્મોથી ઊંચું સ્થાન ધરાવે છે. જીવદયા રાખનાર વ્યક્તિ કયારેક પાપકર્મમાં નથી પડતી, આનાથી વિશેષ જ્ઞાન શું હોઈ શકે ? જે વ્યક્તિ કોઈ પણ જીવને મુશ્કેલીમાં નથી જોઈ શકતી તેને જ્ઞાન મેળવવા કે મોક્ષ મેળવવા તપ કરવાની જરૂર નથી રહેતી.

અહીં આઈન્સ્ટાઈન યાદ આવે જ. તેઓ કહે છે કે, 'મારા જીવન પથને ઉજાળનારાં ત્રણ પરિબળો છે :

કરુણા (દયા) સુંદરતા અને સત્ય.

દયા અને કરુણાની મૂર્તિ ભગવાન રામને માનવામાં આવે છે. દયા રાખો પણ ભયથી નહિ, તેમ આશાથી પણ નહિ. જેને મોહ નથી તેને દુઃખ નથી પણ દયા છે. જેને તૃષ્ણા નથી તેને લોભ નથી પણ દયા છે. જેની પાસે લાભ કરવા જેવો કોઈ પદાર્થનો સંગ્રહ નથી પણ દયાનો ધોધ વહેતો હોય, તેનામાં લોભ હોય જ નહિ.

વ્યક્તિને બચાવવા સંપત્તિ જયારે લાચાર થઈ જાય છે ત્યારે દયા મદદે આવે છે. સત્તા જયારે હાથ ઊંચા કરે છે ત્યારે દયાનું સૌજન્ય હાથ ઝાલે છે. પ્રતિષ્ઠા જયારે પાંગળી બની જાય છે ત્યારે દિલની મહાનતા, દયા પહાડ બનીને અડીખમ ઊભી રહે છે.

આજે પણ દયાળુ માણસો પશુ-પંખીની માવજત કરે છે. ગરીબ - ગુરબા, અંધ-વિકલાંગ, નિરાધાર વૃદ્ધ માતા, વૃદ્ધ પિતા સમા વડીલો પ્રત્યે અપાર દયા રાખે છે.